# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-11-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## શ્રમ સંહિતા – દિનદયાળ પોર્ટ

**કેન્દ્ર સરકાર દ્વારા શ્રમ સુધારાઓના ભાગ રૂપે વેતન સંહિતા, 2019, ઔદ્યોગિક સંબંધો સંહિતા, 2020, સામાજિક સુરક્ષા સંહિતા 2020 અને વ્યવસાયિક સલામતી, આરોગ્ય અને કાર્યકારી પરિસ્થિતિઓ સંહિતા, 2020 એમ ચાર શ્રમ સંહિતા 21 નવેમ્બર, 2025 થી અમલમાં આવ્યા છે. આ શ્રમ સુધારાના અમલીકરણ માટે દીનદયાળ પોર્ટ ઓથોરિટીએ બંદર પર કામ કરતા તમામ મજૂરો અને હિસ્સેદારોમાં જાગૃતિ લાવવા માટે વિવિધ પગલાં લીધાં છે.**

**પોર્ટ પ્રશાસન દ્વારા બહાર પાડવામાં આવેલ અખબારી યાદી મુજબ, ડોક એરિયા અને પોર્ટ કચેરીઓમાં મુખ્ય સ્થળોએ હિન્દી અને ગુજરાતીમાં બેનરો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. કામદારોમાં જાગૃતિ લાવવા માટે ડીપીએ ખાતે કાર્યરત તમામ ટ્રેડ યુનિયનો અને બંદરના તમામ વિભાગોને પત્રિકાઓ જારી કરવામાં આવી છે, જેમાં કામદારો, બંદર વપરાશકર્તાઓના સંગઠનો અને કોન્ટ્રાક્ટરોમાં આ અંગે વ્યાપક પ્રચાર કરવા જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત, પોર્ટ પ્રશાસન દ્વારા એક ખાસ જાગૃતિ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે.**

**------------------------------------------------------------------------------**

## ભુજ રેલવે સ્ટેશન નવીનીકરણ

**200 કરોડના ખર્ચે તૈયાર થઇ રહેલ ભુજના નવા રેલવે સ્ટેશનનું કાર્ય હવે અંતિમ તબક્કામાં છે ત્યારે માર્ચ મહિના સુધીમા સ્ટેશન બનીને તૈયાર થઈ જશે તેવી માહિતી પ્રાપ્ત થઈ છે.**

સાંસદ વિનોદ ચાવડા, પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના ડીઆરએમ વેદ પ્રકાશ, ગાંધીધામ ડિવિઝનના એઆરએમ આશિષ ધાનિયા સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓએ ભુજ રેલવે સ્ટેશનના નવીનીકરણ કામગીરીની જાત મુલાકાત લીધી હતી.

ઉલ્લેખનીય છે કે, હાલમાં દૈનિક 2 હજાર પ્રવાસીની ક્ષમતા ધરાવતા સ્ટેશનમાં રી ડેવલોપમેન્ટ પછી 12 થી 15 હજાર પ્રવાસીઓ અવરજવર કરી શકે તેટલી ક્ષમતા થશે. અદ્યતન સવલતો સાથે રેલવે સ્ટેશન પર કચ્છની કલા સંસ્કૃતિ, ઈતિહાસ, વારસાનો સંગમ પણ જોવા મળશે.

---------------------------------------------------------------------------------------

## કચ્છી ભરતકામ

કચ્છી ભરતકામ પર ચાલીસ વર્ષ સંશોધન કરનાર ડો. પ્રિયારાજ વિલિયમ્સના 300 પાનાના અંગ્રેજી ગ્રંથ 'એક્વીઝીટ એમ્બ્રોડરી ઓફ કચ્છ'નું ભુજ ખાતે વિમોચન કરવામાં આવ્યું. કચ્છના પૂર્વ જિલ્લા પોલીસવડા રણજિતરાજ વિલિયમ્સના પત્ની ડો. પ્રિયારાજ વિલિયમ્સ, જેઓ કચ્છના હસ્ત કલાકારો સાથેના લાંબા સંપર્કને કારણે કચ્છી અને સિંધી ભાષા પર સારી પકડ ધરાવે છે. ગ્રંથના વિમોચન પ્રસંગે, ડો. પ્રિયારાજે જણાવ્યું કે, તેમણે 1985થી કચ્છી ભરતકામ પર સંશોધન શરૂ કર્યું હતું અને આ લાંબા સંશોધન કાર્યના નીચોડ સ્વરૂપે ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, કચ્છનું અનોખું ભૌગોલિક સ્થાન, દરિયાઈ વેપાર માર્ગો, વિદેશી આક્રમણો, પ્રજાનું સ્થળાંતર અને કુદરતી આફતો જેવા કારણોસર કચ્છી હસ્તકળા લુપ્ત થવાના આરે છે, જેને સાચવવાની તાતી જરૂરિયાત છે.

આ ગ્રંથમાં કચ્છમાં ભરતકામ કરતી 19 જ્ઞાતિઓના 33 પ્રકારના ભરતકામને આવરી લેવામાં આવ્યા છે. તે આ સમાજોની સાંસ્કૃતિક પરંપરાઓ, જીવનશૈલી અને ઇતિહાસની કલાત્મક અભિવ્યક્તિને દર્શાવે છે.

---------------------------------------------------------------------------------------

## ગાંધીધામ : સ્પેસ એક્ઝિબિશન

ગાંધીધામ મહાનગરપાલિકા અને ઇસરો અમદાવાદ દ્વારા મૈત્રી મહાવિદ્યાલય આદિપુર ખાતે ત્રિદિવસીય વિક્રમ સારાભાઈ સ્પેસ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનીમાં ગાંધીધામ, આદિપુર અને અંજારના અંદાજે 11 હજાર જેટલા છાત્રો અને અન્ય મુલાકાતીઓએ લાભ લીધો હતો.

---------------------------------------------------------------------------------------

## બ્રિજ નિર્માણ

માર્ગ-મકાન વિભાગ દ્વારા નખત્રાણા તાલુકાના રવાપર-નેત્રા-તેરા રોડ પર લાખણીયા અને તેરા પુલના નિર્માણની કામગીરી કરવામાં આવી રહી છે. આ બ્રિજ બનવાથી સ્થાનિકો તથા વાહનચાલકોને ફાયદો થશે તેમજ વરસાદી મોસમના અવરોધ દૂર થશે અને રોજિંદી અવરજવર વધુ સુરક્ષિત બની રહેશે તેમ જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------

## ફાયરિંગ પ્રેક્ટિસ

ભુજ તાલુકાના રૂદ્રમાતા નોખાણીયા ફાયરિંગ રેન્જ ખાતે આજથી ૩૦ નવેમ્બર સુધી મરીન ટાસ્કફોર્સ, ગાંધીધામ, કોટેશ્વર, જખૌ, માંડવી ખાતે ફરજ બજાવતા પોલીસ અધિકારીઓની છ માસિક ફાયરિંગ પ્રેક્ટિસ યોજવામાં આવી રહી છે.

આ ઉપરાંત, ભુજ તાલુકાના જ હરીપર નજીક આવેલી ફિલ્ડ ફાયરિંગ રેન્જ નં. 3 ઉપર આજથી ૦૧ ડિસેમ્બર સુધી **11 MADRAS** ના તાબા હેઠળની આર્મ્સ ફાયરિંગ પ્રેક્ટીસ યોજવામાં આવી રહી છે.

જેથી, આ બંને ફાયરિંગ રેન્જમાં કોઇપણ વ્યક્તિઓએ ન પ્રવેશવા અને ઢોરોને પ્રવેશવા ન દેવા આદેશ આપવામાં આવ્યો છે. કોઇપણ વ્યક્તિ ફાયરિંગ રેન્જમાં પ્રવેશશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ તે વ્યક્તિને કે ઢોરોને કોઇ નુકશાન થશે તો

**તેની સંપૂર્ણ જવાબદારી જે તે વ્યક્તિની રહેશે તેમ સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.**

**-----------------------------------------------------------------------------------------------**

## એસટી બસ

**ભુજ–નારાયણસરોવર માર્ગે વાયા નેત્રા ચાલતી એસ.ટી. બસ સમયસર ન આવવાની ગંભીર સમસ્યાને લઈને નેત્રા ગામના વિદ્યાર્થીઓ અને વાલીઓની ફરિયાદ ઉઠી છે.**

**એસટી બસ અનિયમિત હોવાથી વિદ્યાર્થીઓને રોજ 5 કિલોમીટર સુધી પગપાળા ચાલવું પડે છે જેના કારણે તેમના શિક્ષણ પર અસર થઈ રહી છે. વિદ્યાર્થીઓને ભોગવવી પડતી આ હાલાકીના પગલે છેલ્લા આઠેક વર્ષથી રજૂઆતો કરવામાં આવતી હોવા છતાં કોઈ પરિણામ આવું ન હોવાની રાવ ઉઠી હતી.**

**દરમ્યાન, ભુજ એસ.ટી. વિભાગના અધિકારીઓએ બસ સેવા સમયસર અને નિયમિત ચલાવવામાં આવશે તથા વિદ્યાર્થીઓને કોઈ તકલીફ ન પડે તે માટે યોગ્ય વ્યવસ્થા કરાશે તેવી ખાતરી આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.**

**-----------------------------------------------------------------------------------------------**

## હવામાન

**હવામાન...**

**જીલ્લામાં ગુલાબી ઠંડીના માહોલ વચ્ચે નલિયા આજે 11.6 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન સાથે સતત 12મા દિવસે રાજ્યનું સૌથી ઠંડું સ્થળ રહ્યું છે. જયારે, જિલ્લા મથક ભુજમાં 15.6 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. હાલમાં કચ્છમાં ખુશનુમા ઠંડી અનુભવાઈ રહી છે. ગત વર્ષની સરખામણીમાં આ વખતે શીત લહેરની તીવ્રતા ઓછી છે. જોકે, વહેલી સવારે વિશેષ શીતળતાનો અનુભવ થાય છે.**

**હવામાન વિભાગ દ્વારા જણાવાયું છે કે, દેશના ઉત્તરીય પ્રદેશોમાં થયેલી હિમવર્ષાની અસર આગામી દિવસોમાં કચ્છમાં પણ વર્તાઈ શકે છે. જમ્મુ અને કાશ્મીર સહિતના ઉત્તરીય રાજ્યોમાં બરફવર્ષા થઈ રહી છે. જેથી, લગભગ ત્રણથી ચાર દિવસ બાદ સરહદી જિલ્લામાં ઠંડીનું તીવ્ર મોજું ફરી વળવાની શક્યતા છે.**

**---------------------------------------------------------------------------------------**